**ક્રિમીનલ કેસ નં. 1795/2026**

**<u>આંક-૧ લગત હુકમ</u>**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ **એમ વી એકટ .**ની કલમ– **૧૮૫ તથા પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી** મુજબનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) આરોપી હાજર થતા પોલિસ પેપર્સ નકલો પૂરી પાડી ગુન્હા કબુલાતની પુરસીસ રજુ કરતા, પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૩) આરોપીની સ્વેચ્છાપૂર્વકની ગુન્હાની કબૂલાત ધ્યાને લેતા તેમજ પોલિસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છુ અને આરોપીની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

- આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે **એમ વી એકટ .**ની કલમ – **૧૮૫ તથા પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૧૦૦(અંકે રૂપીયા એક હજાર એકસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન–**૦૨** ની સાદી કેદની સજા ભોગવવા નો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કજબે કરેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના વાહન અંગે વચવાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવામાં આવે છે અન્યથા સંબંધિત પો સ્ટે ના પી એસ આઇ શ્રીએ મુળમાલિકની ખરાઇ કરી જરૂરી આધારપુરાવા રજુ કર્યેથી ધારાધોરણ સર મુદ્દામાલ પરત કરવો.

આ હુકમ આજ તારીખ: **૧૧ / ૦૭ / ૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : **૧૧ / ૦૭ / ૨૦૨૬ ૬**
સ્થળ : ઝઘડીયા

**( <u>J.S.RATHORE</u> )**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**<u>JUDGE CODE NO GJ01695</u>**

**પાવતી નં..................**

**દંડ રૂપીયા.................**

**તારીખઃ– ૧૧ / ૦૭ / ૨૦૨૬**

**નાઝર ચીફ કોર્ટ,ઝઘડીયા**